સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

રહેતા નથી 'માણસ'માં નાણાં-ખેતરે ચરે છે,
હાથ જોડી હસ્યા, પછી મગજમાં રાઇ ભરે છે,
કરે છે દાદાગીરી કાયદા અને નિયમો સામે -
ચૂંટાયા પછી નેતાઓ બંદૂક લઇને ફરે છે!!
(માન.શ્રી વિઠ્ઠલભાઇ રાદડિયા)
કોંગી - સાંસદ

હાઈકુ

ડુંગરા પણ,
લાગે રળિયામણાં
દૂર - ચુકેથી..

પાશવી કૃત્યે
હરિયાણામાં રોજ
પિંખાય નારી..

ચિંતન

યથા વાયું સમાશ્રિત્ય વર્તન્તે સર્વજન્તવઃ ।
તથા ગૃહસ્થાશ્રિત્ય વર્તન્તે સર્વ આશ્રમઃ ॥

જે પ્રમાણે વાયુ-હવા-પવન પર જ બધાં પ્રાણીમાત્ર - માનવ જીવો આધારિત છે. હવા વિના કોઇ જ જીવ શ્વાસ લઇ નથી શકતો. જીવન ટકાવી નથી શકતો, જીવન માત્ર હવા પર આધારિત છે. તેવી જ રીતે -

ગૃહસ્થાશ્રમ પર જ - બાકીના ત્રણ આશ્રમ એટલે કે બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થ અને સન્યાસાશ્રમ ટકી રહે, તેના પર આધારિત છે. કારણ કે ગૃહસ્થાશ્રમના ગૃહસ્થીઓ જ બ્રહ્મચર્ય આશ્રમના તપસ્વી-વિદ્યાર્થીઓ આશ્રમોને દાન-પુણ્ય દ્વારા ટકાવી રાખે છે અને શિક્ષણ માટે કુમાર-કુમારીઓને મોકલે છે.

વાનપ્રસ્થ આશ્રમમાં સંસારથી વિરક્ત થઇ તપ-જ્ઞાનપ્રાપ્તિ કરનારાં પ્રૌઢ સંસારીજનોને પણ પોષણ આપી ગૃહસ્થાશ્રમનાં તેમનાં જ સંબંધી કુટુંબીજનો મદદ કરી રાહત આપે છે.

સન્યાસ લીધેલા તમામ સંન્યાસીઓની તમામ જરૂરિયાત પણ 'ગૃહસ્થ' આશ્રમના જનો જ પૂર્ણ કરે છે.

સમાજમાં રહેનારાં સૌની ચારેય આશ્રમોમાંથી પસાર થાય છે અને એ નિયમોનું પાલન કરવું જોઇએ. ૨૫ વર્ષ શિક્ષણ - ૨૫ વર્ષ ગૃહસ્થજીવન - ૨૫ વર્ષ વાનપ્રસ્થ અને ૨૫ વર્ષ સન્યાસ = ૧૦૦ વર્ષ.

આજના યુવાનોમાં 'બ્રહ્મચર્ય' રહ્યું નથી. ગૃહસ્થો કદીય કોઇ બાબતે 'સન્યાસ' લેતા નથી. આશ્રમ વ્યવસ્થા છિન્નભિન્ન થઇ ગઇ છે.

સુવિચાર

- જે દંભ વિના બધાની સાથે ઠળી-મળી હસી શકે તે સ્વચ્છ હૃદયનો નિખાલસ હોય છે - એસ. ભટ્ટાચાર્ય
- પ્રભુ મેળવવા ઘર નહીં આસક્તિ છોડવાની જરૂર છે, આત્મદર્શન માટે મંદિર નહીં આત્મ નિરીક્ષણની જરૂર છે - સ્વામી ચૈતન્ય
- માણસ જાતે સાચો છે એનું એક પ્રમાણે એ છે કે એ પોતાની સચ્ચાઇ અને સિધ્ધાંત માટે પોતાનું સર્વસ્વ સ્વાહા કરી નાખવા તત્પર હોય છે - લોપેલ
- આપો એની કિંમત ન આંકો, લડો તો થયેલા ઘાવ ન ગણો, મહેનત કરો તો વિસામો ન શોધો - સંત જગનાસિયસ લોયોલા
- વિજય નિશ્ચિત હોય ત્યારે તો નબળો પણ શૌર્યપૂર્વક લડે છે પણ જયારે પરાજય નજર સામે દેખાતો હોય ત્યારે બહાદુરી બતાવે એ જ સાચો વીર છે - જલીબ
- જ્ઞાન અને વિજ્ઞાન જો આધ્યાત્મિક દૃષ્ટિએ વિકાસ પામે તો સંસારનું કલ્યાણ થઇ જાય - સચ્ચિદાનંદ
- સુખ માટેની ચિંતા જ દુઃખ પેદા કરે છે - વિદૂરજી

બોધ કથા

આજના નેતાઓ દર્દીઓની સાંત્વના પૂછવા જાય કે સ્મશાનયાત્રામાં વારંવાર ટીવી કેમેરા સામે 'કપડાં' ચેંજ કરે અને પાર્લર-મેકઅપ વાળા સતત સાહેબનાં 'દેખાવ'નું ધ્યાન રાખે! કપડાં તો દિવસમાં દસવાર બદલાવે! આપણા ગરીબ દેશને આવાં નખરાં પોષાય ક્યાંથી? પણ એનો વિચાર કરે છે કોણ?

આપણા પૂર્વ વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રી તદ્દન સરળ સ્વભાવના અને સાદગીમાં રહેનારા હતા. એમને એકવાર રાષ્ટ્રસંઘની મિટીંગમાં જવાનો પ્રસંગ આવ્યો. બધાને સલાહ આપી ત્યાં ઠંડી ખૂબ હોય છે. બે થી ત્રણ ગરમ કોટ સાથે રાખજો જેથી સમયાંતરે બદલતાં રહેવાય અને ખરાબ પણ ન લાગે.

શાસ્ત્રીજી પાસે બે જ ગરમ કોટ હતા. સેવકે કહ્યું, એક કોટમાં તો પાછળના ભાગે કાણું છે તેથી તાત્કાલિક બીજો ગરમ કોટ ખરીદવો પડશે!

શાસ્ત્રીજીએ કોટ જોવા મંગાવ્યો અને કહ્યું આને રફ્ફૂ કરાવી લ્યો! નવો નથી લેવો.

અધિકારીઓએ કહ્યું વિદેશમાં આપણા દેશનું ખરાબ ચિત્ર ખડું થશે!

શાસ્ત્રીજી કહે આપણો દેશ ગરીબ છે એ સૌ જાણે છે. હું મારા દેશવાસીઓનાં પુરતાં શરીર પણ ઢાંકી નથી શકતો ત્યાં મને નવો ગરમ કોટ કેમ પોશાય?!

આંકડાની માયાજાળમાં અટવાતાં સમીકરણો : ભર્યા નારિયેળ જેવી સ્થિતિ

વર્તમાન પ્રવાહો

- કેશુભાઈ દેસાઈ

ચૂંટણીનો ચકરાવો શરૂ થઇ ગયો છે.

ચૂંટણીપંચે હિમાલય પ્રદેશની સાથે જ ગુજરાતની ચૂંટણી જાહેર કરી દઇ રાજકારણીઓને દોડતા કરી મૂક્યા છે. આ લેખ છપાશે એ પછી બરાબર બે મહિના બાદ ગુજરાતના કોઠાસૂઝ ધરાવતા મતદારો નવી વિધાનસભા માટે મતદાન કરશે. આ બે મહિના રાજકીય અગ્રણીઓ માટે લોહી ઉકાળાના બે યુગ જેવા બની રહેશે. પાંચ વરસ લગી પદ ભોગવવાની અને મજા માણવાની સજા આ બે મહિનાનાં 'સ્ટ્રેસ' અને 'સ્ટ્રેઇન' સ્વરૂપે સત્તાધારી પક્ષના આગેવાનોએ ગમે કે ન ગમે તો પણ ફરજિયાત ભોગવવી પડશે. પાછું નક્કી તો નહીં જ કે હાલનો વૈભવ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૨ની સાંજે યથાવત જ રહેશે! ચૂંટણી તો ચૂંટણી છે. એમાં કોણ ક્યારે વિજયની વૈજયંતીમાળા પહેરીને બહાર આવશે એ તો ફક્ત કાળદેવતા જાણે છે.

ગુજરાતની આ ચૂંટણી અનેક સંદર્ભે અગત્યની બની રહેશે. એમા સળંગ ચાર હજાર દિવસથી વધુ સમય સુધી મુખ્યમંત્રીપદ ભોગવનાર નરેન્દ્ર મોદીનું ભવિષ્ય નક્કી થશે. બે જ વિકલ્પો છે : કાં તો પ્રજા એમને વધુ પાંચ વરસ શાસન કરવાની તક આપશે અથવા એમને 'બહું થયું - આટલું લાંબુ રાજ કર્યું, હવે બીજા લોકોને બેસવા દો' કહી વિદાય કરી દેશે.

મોદી એક એવું વિશિષ્ટ રાજકીય પાત્ર છે જેને પ્રજાનો ભરપૂર પ્રેમ કહો કે આંધળો વિશ્વાસ સાંપડયો છે તો સામે પક્ષે અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે કોઇ પણ નેતાની ન થઇ હોય એટલી આ એક જ નેતાની વગોવણી પણ થઇ છે, મોરારજી દેસાઇની જેમ એ અક્કડ રહે છે, ધાર્યું કરે છે અને કરાવે છે, પરંતુ ગાંધીમાર્ગે અણિશુધ્ધ ચોખલિયા લોકસેવકની જે આદર્શવાદી છબિ મોરારજી દેસાઇમાં પ્રગટતી હતી એની સામે મોદી સતત અને સખત વિવાદોથી ઘેરાયેલા સ્વકેન્દ્રી સરમુખત્યાર લાગતા રહ્યા છે. એમનું એક માત્ર લક્ષ્ય સત્તા છે. અને એ ટકાવી રાખવા માટે તેઓ કોઇ પણ હદે જઇ શકે છે. સાધન શુધ્ધિની તો એમની પાસે અપેક્ષા રાખી શકાય જ નહીં.

કોંગ્રેસ પાસે મોદીની પ્રચંડ લોક પ્રભાવનો સામનો કરી શકે એવી પ્રતિભાશાળી નેતાગીરીનો અભાવ છે. માધવસિંહ સોલંકી કે ચીમનભાઇ પટેલ જેવું પ્રખર નેતૃત્વ જ પક્ષને પુનઃ સ્થાપિત કરી શકે. શંકરસિંહ વાઘેલાને ચૂંટણી પ્રચાર સમિતિનાં સૂત્રધાર નીમીને હાઇકમાન્ડે મોદીના પ્રભાવને ખાળવાનો વ્યૂહ જરૂર અજમાવ્યો છે પરંતુ કોંગ્રેસ ચૂંટણી પૂર્વે એના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે કોઇનું નામ જાહેર કરી શકે એવી સ્થિતિમાં નથી. એથી પ્રજા પાસે નરેન્દ્ર મોદીના વિકલ્પો કોંગ્રેસના ભાવિ મુખ્યમંત્રીનું નામ નથી. ત્રીજા પરિબળના એક માત્ર નેતા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ છે, જે ત્રિશંકુ વિધાનસભા જેવી સ્થિતિનું નિર્માણ થતાં મોદીનો વિકલ્પ બની શકે તેમ છે. કદાચ પોતે સત્તાનાં સૂત્રો ગ્રહ ન કરે તો પણ નેપથ્યે રહી 'કિંગ મેકર'નો પાઠ તો ભજવી જ શકે. કોંગ્રેસ પાસે સૌરાષ્ટ્રનો હુકમનો એક્કો છે; હાલમાં કોંગ્રેસનું નેતૃત્વ કરનારા બે મહત્ત્વના પદાધિકારીઓ પણ સૌરાષ્ટ્રના છે. સોનિયા ગાંધીએ ચૂંટણીપ્રચારના શ્રી ગણેશ પણ સૌરાષ્ટ્રથી કરીને પ્રજાને એક ગર્ભિત સંકેત પણ પાઠવી જ દીધો છે. ગુજરાતને કોંગ્રેસ જ સૌરાષ્ટ્રવાસી મુખ્યમંત્રી આપી શકે એમ છે. ભારતીય જનતા પાર્ટીનાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તો અગાઉથી નક્કી છે.

મોદી ચારેબાજુથી ઘેરાઇ ગયા હોવા છતાં એ હજી પણ એમના હરિફો કરતાં વધુ લોકપ્રિય છે. અગિયાર વરસના સુદીર્ઘ શાસનને અંતે જયારે દેશ અને દુનિયામાં 'હીરો' અને 'વિલન' - ઉભય રોલમાં મોદીની નામની બોલબાલા છે ત્યારે એમની બોડી લેન્ગ્વેજ થોડી બદલાયેલી જરૂર લાગે છે. એમણે અગાઉની આક્રમકતા ગુમાવી છે. સોનિયા ગાંધી એ કોઇ ગુજરાતની ચૂંટણીનો મુદ્દો ન હોઇ શકે પરંતુ મોદી એમનું જ નામ લેતાં રહે છે. સામે પક્ષે સોનિયા ગાંધી એમના નામનો ઉલ્લેખ સુધ્ધાં નથી કરતાં. એ ફક્ત 'અમારા વિરોધીઓ' કહીને અટકી જાય છે. ૨૦૦૭ની ચૂંટણી વખતે સોહરાબુદ્દીન અને કૌસરબીના મુદ્દે મોદીને 'મોતના સૌદાગર' કહી વખોડવાનું ભારે પડ્યું હતું. હિન્દુત્વના હીરો ગણાતા મોદીએ સોનિયાના જ મોઢામાંથી એ શબ્દો ઉપાડી લઇ આખી ચૂંટણીમાં ઝનૂની વેવ સરજી દીધું હતું. તેથી આ વખતે કોંગ્રેસી નેતાઓ એક એક શબ્દ તોળી તોળીને બોલી રહ્યાં છે. દિગ્વિજયસિંહ જેવા આખાબોલા અગ્રણીને પણ ગુજરાત અને મોદીનાં મુદ્દે બહુ જ સાવચેતીપૂર્વક વર્તવું પડશે. શંકરસિંહ વાઘેલા ચૂંટણી પ્રચાર સમિતિના સંયોજક છે, પરંતુ મોદીએ ચૂંટણી જીતવા માટે માટે એમનાં એ જૂના સિનિયર સહપાંથીથી જ નવા તાલુકા અને જિલ્લાઓની ખેરાત કરવાની પધ્ધતિ અપનાવી છે. વિવેકાનંદ યાત્રા દરમિયાન જ્યાં જ્યાં ગયા ત્યાં એ નવા જિલ્લા કે તાલુકા ચણા-મમરાની માફક વહેંચતા રહ્યાં છે. ચૂંટણી બે-ચાર દિવસ પછી જાહેર થઇ હોત તો એમને તો હજી મોડાસા અને વડનગર જેવા નવા જિલ્લા બનાવવા હતા, પરંતુ આચારસંહિતા અમલમાં આવી જતાં એ જાહેરાત થઇ શકી નથી. નવા જિલ્લા આપવાથી વખત પૂરતી ત્યાંની પ્રજા જરૂર આકર્ષાતી હોય છે. પરંતુ આમ ઊડઝૂડ જાહેરાત અને તે પણ ચૂંટણીનાં જ દિવસો દરમિયાન થા ત્યારે સમજણો મતદાર એને એક બૂમરેંગ થાય એમ પણ બને. આ બધી જાહેરાતોનું અમલીકરણ તો ૨૦ ડિસેમ્બર પછી જે નવી સરકાર રચાય તેણે કરવાનું છે. ઉતાવળે કરેલી આવી જાહેરાતો એકંદરે તો મોદીની તરફેણનું જ વાતાવરણ ઊભું કરશે કારણ કે નવા જિલ્લા - તાલુકા મેળવવા માટે એમને જ ફરીવાર સત્તાની સોંપણી કરવી પડે એટલું તો પ્રજા પણ સમજે છે.

વિકાસના મુદ્દે મોદીએ કોંગ્રેસની અને એમના પૂર્વસૂરિ કેશુભાઇ પટેલની સરકારોએ જાણે કશું જ ન કર્યું હોય - પોતે જ બધું કર્યું બલ્કે 'અત્યાર સુધી તો અગાઉની સરકારોએ પાડેલા ખાડા જ પૂરવાનું કામ કરી શક્યો છું અને ખરો વિકાસ તો હવે કરીશ' એવું અતિશયોક્તિ ભર્યું વિધાન કરીને એમણે કેશુભાઇ તથા કોંગ્રેસને સામેથી એમની ટીકા કરવાની તક આપી છે. વિકાસ તો એક સતત ચાલતી સામાજિક પ્રક્રિયા છે. પોતે એકલપંડે એનો જશ ખાટવાની કોશિશ કરવાથી વિરોધપક્ષને હુમલો કરવાની તક મળે છે. કેશુભાઇ પટેલ એમની ઝંઝાવાતી પરિવર્તન યાત્રામાં મોદીને પડકારતા ફરે છે એનો મોદી કોઇ જવાબ આપી શકતા નથી. કોંગ્રેસ માટે આ એક મહત્ત્વનું પ્લસ પોઇન્ટ છે. આખી કોંગ્રેસ એકીસાથે હુમલો કરે તો પણ પ્રજા પર જે અસર ન થઇ હોત તે એકલા કેશુભાઇ પટેલની રેલીઓ અને ભાષણોથી થઇ છે. મોદીએ વ્યવાત્મક ચૂપકીદી સાધી છે પરંતુ સામે પક્ષે એમનાં કહેવાતાં જુઠ્ઠાણાંનો પર્દાફાશ થતો જાય છે અને પ્રજા ગુજરાતમાં સરજાઇ રહેલાં નવા રાજકીય સમીકરણોને ઉકેલવાની મથામણ અનુભવી રહી છે. લોકાયુક્ત મુદ્દે રાજ્યપાલ સામે કોર્ટ ચડવાથી અને અનુકૂળ નિવૃત્ત ન્યાયમૂર્તિનું તપાસપંચ રચી ક્લીનચીટ મેળવી દીધાથી જંગ જીતી ગયા એમ માની લેવાની જરૂર નથી.

પુરૂષોત્તમ સોલંકીને બચાવી કોળી સમાજના મતો અંકે કરવાની લાયમાં સૌરાષ્ટ્રના સમગ્ર જનસમાજમાં મોદી વિરૂધ્ધ એન્ટિવેવ પ્રવર્તી રહ્યું છે. જો કે એ ચૂંટણી સુધીમાં પ્રબળ બનશે કે કેમ એ આગાહી કરવી અઘરી છે. સામે પક્ષે મોંઘવારીનો મુદ્દો કોંગ્રેસને નડવાનો છે. જેમ જેમ ચૂંટણીની તારીખો નજીક આવતી જશે તેમ તેમ બેઉ પક્ષો વચ્ચે ગરમા ગરમી વધશે. મોદીને મહાત કરવા માટે કોંગ્રેસે ટીકીટોની વહેંચણીમાં પણ પૂરતી કાળજી રાખવી પડશે. જ્ઞાતિ સમીકરણો અને 'ડમી' ઉમેદવારો ઊભા કરવાની બાબતમાં મોદી અને શંકરસિંહ વાઘેલા બેઉ અનુભવી અને નીવડેલા ખેલાડી છે. કેશુભાઇ પટેલની પરિવર્તન પાર્ટી પાર્ટી હાલ પૂરતી તો મોદીના ઉમેદવારને જ નુકશાન કરશે એમ લાગે પરંતુ ખરું ચિત્ર તો બધાં વધારાનાં ઉમેદવારી પત્રો પાછાં ખેંચાઇ જાય તે પછી જ ખબર પડે.

નરેન્દ્ર મોદીનું હેટ્રિક કરવાનું સપનું કદાચ અધુરૂં પણ રહી જાય અને કોંગ્રેસ માટે કદાચ એવા પણ સંજોગો સરજાય કે એને મોદીને કે ભાજપને સત્તાથી છેટાં રાખવા 'પરિવર્તન પુરૂષ' ને પુનઃસ્થાપિત કરવા પડે! રાજકારણ તો આખરે આંકડાની માયાજાળ છે.

સજીવોની વંશવૃધ્ધિ થવા માટે નર અને માદા વચ્ચે સંવનન થવું જરૂરી છે, તેના ભાગ રૂપે વનસ્પતિમાં 'પરાગ નયન'ની ક્રિયા થાય છે

વન્યસૃષ્ટિ પરિચય

નર - માદા વનસ્પતિઓ

- હેમંત સુથાર

સજીવ સૃષ્ટિમાં વનસૃષ્ટિઓ અને પ્રાણીઓ નર પ્રાણીઓ અને માદા પ્રાણીઓ અને ઘણાં ઉભયલીંગીઓ વિશે આપણે જાણીએ છીએ. પરંતુ વનસ્પતિઓમાં નર કે માદા એમ જાતિઓ હોય છે કે નહિ? તેવો આપણને પ્રશ્ન થાય. સજીવોની વંશવૃધ્ધિ થવા માટે નર અને માદા વચ્ચે સંવનન થવું જરૂરી છે. તેના ભાગ રૂપે વનસ્પતિમાં 'પરાગ નયન'ની ક્રિયા થાય છે. સસ્તન પ્રાણીઓમાં શુક્રાણુઓ અને અંડપિંડ જે કાર્ય કરે છે. તેવું જ કાર્ય વનસ્પતિમાં 'પરાગ રજ' દ્વારા થાય છે.

વિશ્વભરની બધી જ વનસ્પતિઓને આ પુષ્પી અને સપુષ્પી એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે. જીવાણુ, લીલ, ફૂગ, શેવાળ, ઢંસરાજ, જેવી વનસ્પતિઓ પુષ્પ ધારણ કરતી નથી તેથી આવી વનસ્પતિઓ અપુષ્પી કહેવાય છે અને તેથી જ આ પ્રકારની વનસ્પતિઓમાં પરાગનયનની ક્રિયા થતી નહીં હોઇ તેવી વનસ્પતિઓને નર કે માદા વનસ્પતિઓમાં વહેંચી શકાય નહીં.

પુષ્પ ધારણ કરતી વનસ્પતિઓ સપુષ્પી વનસ્પતિ કહેવાય છે, અને તેવી વનસ્પતિઓના ફૂલોમાં પરાગનયનની ક્રિયા સંભવ બને છે અને તેવી વનસ્પતિઓના ફૂલોમાં પુંકેસર તથા સ્ત્રીકેસર પણ હોય છે. જે વનસ્પતિઓનાં ફૂલોમાં પુંકેસર તથા સ્ત્રીકેસર હોય તેજ વનસ્પતિઓ બીજ ધારણ કરી શકે છે.

કેટલીક વનસ્પતિઓનાં એક જ ફૂલમાં / પુષ્પમાં પુંકેસર અને સ્ત્રીકેસર એમ બંને આવેલ હોય છે. આવા પુષ્પો દ્વિલીંગી પુષ્પો કહેવાય છે. આવી વનસ્પતિઓ કે વૃક્ષોને આપણે સાદી સમજ માટે ઉભયલીંગી કહી શકીએ કે નર-માદા પુષ્પ કહી શકીએ.

ઘણી વનસ્પતિઓ એવી હોય છે. તેનો અર્થ એવો થાય કે આવી વનસ્પતિઓનાં નર પુષ્પો

અને માદા પુષ્પોનાં પરાગ રજોનાં મિલન માટે હવા, પાણી, કીટકો, પ્રાણીઓ જોવા માધ્યમોની જરૂર પડે છે.

વનસ્પતિના એક જ છોડ પર કે વૃક્ષ પર નર-માદા પુષ્પો થતાં હોય ત્યારે તેજ વનસ્પતિ ઉપર પરાગનયન શક્ય બને છે પરંતુ એકજ છોડ કે વૃક્ષ પર ફક્ત નર-પુષ્પો કે ફક્ત માદાપુષ્પો થતાં હોય ત્યારે તેવા છોડ કે વૃક્ષને આપણે નર વૃક્ષ કે માદા વૃક્ષ તેવું કહીને ઓળખી શકીએ.

આપણી આસપાસ ઘણાં વૃક્ષો નર કે માદા હોય છે. આવા વૃક્ષો વચ્ચેનાં નર પુષ્પો અને માદા પુષ્પો વચ્ચે પરાગનયનની ક્રિયા થાય ત્યારે જ તેમની વંશવૃધ્ધિ શક્ય બને. આવા એકલિંગી પુષ્પોમાં ફક્ત સ્ત્રીકેસર કે પુંકેસર હોય છે.

કોઇ વનસ્પતિના ફૂલને આપણે હાથમાં લઇએ છીએ ત્યારે તે નર ફૂલ છે કે માદા ફૂલ અને કોઇ છોડ કે વૃક્ષ નર છે કે માદા તેની ઓળખ કરવી એક અલગ - રસપ્રદ વિષય છે. જે વૈજ્ઞાનિકો ઉપરાંત રસ ધરાવનાર વ્યક્તિઓ માટે આશ્ચર્ય પ્રેરક નિવડી શકે છે.

ભારતીય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલ ચૂંટણી આચારસંહિતા અંગેની સરળ સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ભારતની લોકતાંત્રિક પ્રક્રિયાના સૌથી મોટા ઉત્સવ સાથે જયારે ચૂંટણીને સરખાવી છે આમ આદમીથી લઇ પ્રધાનો સુધી જેનાં મનમાં ચૂંટણી અંગે ઉત્સુકતા જોવા મળે છે. તેવા સમયે ચૂંટણી પ્રચાર પ્રસારના કારણે રાજકીય પક્ષો દ્વારા આમ નાગરિકની સુલેહ શાંતિ, સલામતી જોખમાય નહીં તેમજ તંત્રનો પ્રચારનો દુરૂપયોગ કરી મતદારોને ભ્રમમાં નાખી આંજી નાખવાના પ્રયાસો ના થાય સરળ, સુખરૂપ સલામતી અને શાંતિથી ચૂંટણીની પ્રક્રિયા પૂરી થાય તે માટે ભારતીય ચૂંટણી આયોગે ચાલુ વર્ષે નવી ચૂંટણી આચાર સંહિતા ઘડવામાં આવેલ છે.

વ્યક્તિગત ચારિત્ર્ય હનન કરતા ખોટા નિવેદનો, સમાજ જાતિને લગતા ધાર્મિક ભાવનાને ભડકાવતા પ્રવચનો કરવામાં આવશે તો ભારતીય ફોજદારી ધારા તથા ચૂંટણી આચાર સંહિતા ભંગ બદલ ( ) ની કલમ - ૧૫૩ અને ૫૦૫ (૨) તેમજ જાહેરનામા ભંગ બદલ ૧૮૮ની કલમ અન્યવે કાર્યવાહી કરવામાં આવે છે તેમજ ગુનો સાબિત થયે યોગ્ય દંડ તથા સજાની જોગવાઇ છે.

મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે મુખ્ય ચૂંટણીપંચ દ્વારા નેતાઓ રાજકીય સત્તા, સરઘસોનું કવરેજ, ઓડિયો વિડિયો દ્વારા કરવામાં આવે છે અને તેમાં આચાર સંહિતાનો ભંગ વાણી, વર્તન, બેનર પોસ્ટર કે દૃશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા કરવામાં આવે તો ગુનો સાબિત થયેથી જેલ તથા દંડની શિક્ષાઓ કરવામાં આવે છે.

કોઇ પણ ધાર્મિક મેળાવડાઓ, સભાઓ સ્ટેજનો ઉપયોગ રાજકીય પક્ષો અંગત ઉપયોગ કે પ્રચાર પ્રસાર માટે કરી શકશે નહીં.

ચૂંટણી સંબંધી કે તેના પરિણામોને સ્પષ્ટ કરે તે રીતે મતદાતારોને આકર્ષવા કોઇ પણ ઉમેદવાર વ્યક્તિગત ચારિત્ર્યનું હનન કરતા ખોટા નિવેદનો કરવા એ ગુનાહીત બાબત ગણાશે. ઉમેદવાર દ્વારા કોઇ પણ વ્યક્તિનું જીવન, નેતાઓની જાહેર પ્રવૃત્તિ સાથે સંબંધ ન હોય તેવી બાબતોની ટીકા કરવી અન્ય પ્રકારના કાર્યકરોને પ્રચાર પ્રસાર કરતા અટકાવવાએ ભારતીય ફોજદારી ધારાની કલમ - ૫૦૫ (બી) અને ૧૭૧ (જી) હેઠળ સજાપાત્ર છે.

પ્રવર્તમાન પરિસ્થિતિમાં તંગદીલી, ભ્રષ્ટ વાતાવરણ કોઇ પણ રાજકીય પક્ષ કે ઉમેદવાર દ્વારા ઉભુ કરવામાં આવે જેનાથી લોકો વચ્ચે નિરંકુશપણે તંગદીલી અરાજકતા ઉભી થાય તો તેવા પક્ષો કે ઉમેદવાર સામે ( ) કલમ - ૧૫૩, ૫૦૫ (૨) હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

વિધાનસભાની, લોકસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયિક રીતે થાય તે માટે ચૂંટણી પંચે ગેરરીતિ અટકાવવા ચૂંટણી આચારસંહિતાનો ખૂબ જ ગંભીરતાથી અને કડક રીતે અમલ કરે છે જે અંગે ખોટું કરનાર કે આચાર સંહિતાનો ભંગ કરનાર સામે ફરિયાદ કરનારનું નામ ગુપ્ત રાખવામાં આવે છે.

હાલમાં ગુજરાતમાં નવરાત્રિ મહોત્સવો પુરજોશમાં ભક્તિ અને શક્તિથી મોટા પાયે યોજવામાં આવશે. જેમાં રાજકીય નેતાઓ, ઉમેદવારો, મંત્રીઓ ગરબાનાં પ્રચાર પ્રસાર કરી શકશે નહીં તેમજ આરતી ઉતારી શકશે નહીં, તેમજ પક્ષનો પ્રચાર પ્રસાર થાય તેવા ગરબા, દોહા, છંદ પણ કલાકારો દ્વારા જાહેર ધાર્મિક કાર્યક્રમમાં ગાઇ વગાડી શકશે નહીં. તેવું ફરમાન પણ મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ જાહેર કરેલ છે જેનાથી ગરબા આયોજકો દ્વારા રાજકીય નેતાઓ મંત્રીઓ, પદાધિકારીઓ માટેની પબ્લિસીટી કરી શકાશે નહી તેથી જનસમુદાય શાંતિથી, સુખેથી સલામતીથી દ્વેષભાવ વગર ગરબા માણી શકશે.

મતદારો મુક્ત અને નિષ્પક્ષ રીતે ઉમેદવારને ઓળખીને ભ્રામક પ્રચાર પ્રસારમાં અટકાયા સિવાય સ્વતંત્રપણે નિર્ભય રીતે મતદાન કરી શકે તે માટે ચૂંટણી આયોગ દ્વારા ખૂબ જ કડક રીતે ચૂંટણી આચાર સંહિતાનું પાલન કરવામાં આવે છે જે અલગ આચારસંહિતાનું ભંગ કરનાર ઉમેદવારે સજા અને દંડ ભોગવવા તૈયાર રહેવું પડશે. તાજેતરમાં જ કાળા નાણાનો દુરપયોગ અટકાવવા માટે પણ નાણાની હેરાફેરી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે, તેમજ ઉમેદવાર જો હિસાબ ખર્ચ માર્કેટ સાથે સરખાવવામાં આવતા ભૂલ જણાય અગર તો વધારે ખર્ચ કરી ઓછો બતાવવાના પ્રયત્નો કરવામાં આવેલ હોવાનું જણાય તેવા સંજોગોમાં પણ તુલનાત્મક અભ્યાસ કરી બજારભાવ સરખાવી ભૂલ જણાતા દંડ અને સજા કરવામાં આવશે. રાજકીય પક્ષો કાર્યકર્તાઓ દ્વારા વાહન રેલી ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. એક ઉમેદવાર પણ કરતા વધુ વાહનો લઇ પ્રચાર પ્રસાર કરી શકશે નહીં. તેથી આમ આદમી ટ્રાફિક સમસ્યાથી પરેશાન થાય નહીં તેનું પણ પાલન કરવામાં આવે છે પરમિશન સિવાયના વાહનો ચૂંટણીપંચ દ્વારા જપ્ત કરવામાં આવે છે.

ગુજરાતની ચૂંટણી નિર્ભય, નિષ્પક્ષ રીતે યોજાય તે માટે મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી અનીતિ કરવા તથા ઇન્કમટેક્ષ નોડલ ઓફિસર તરીકે વિનોદ તનવાની ચૂંટણી કમિશ્નરે નિણમૂંક કરેલ છે, જેની દેખરેખમાં ૫૦૦ અધિકારીઓ નિર્ભય નિષ્પક્ષ અને સલામતી ભરી રીતે ચૂંટણી યોજવાની છે, જે ગુજરાતમાં ઐતિહાસિક થવાની સંભાવના છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૪મી ઓક્ટોબર

- માનવતાવાદી રાજપુરૂષ - અમેરિકાના પ્રમુખ ડ્રવાઇટ આઇઝન હોવરની જન્મજયંતિ - ૧૮૯૦.

બીજા વિશ્વયુધ્ધ પછી ઊભી થયેલી સ્ફોટક પરિસ્થિતિમાં તેમણે વિશ્વશાંતિનાં પ્રણેતા તરીકે કાર્ય કર્યું.

- દિલ્હીની ગાદી પર બેસનાર પ્રથમ સ્ત્રી રાજકર્તા રઝિયા સુલતાનનો જન્મદિન - ૧૨૪૦. શૌર્ય અને કૌશલ્યના બળે આગળ આવનાર રઝિયા સુલતાનની વિરલ પ્રેમકથા કચકડે મઢીને પ્રેમી હૃદયોમાં અંકિત થયેલી છે.
- ૧૯૯૭ - ધી ગોડ ઓફ સ્મોલ થિંગ્ઝની લેખિકા અરૂંધતિ રોયને બુકર પ્રાઇઝ મળ્યું.
- ૧૯૩૧ - વિદ્વાન ઉપદેશક સૈયદ અબ્દુલ રહીમ બગદાદી સાહેબનું અવસાન.



- ૧૯૯૯ - પ્રો. અમર્ત્યસેનને અર્થશાસ્ત્રમાં નોબેલ પારિતોષિકથી સન્માનિત કરાયા.